# Joint Press Statement of the 5th NSA Level Meeting of the Colombo Security Conclave held on 09 – 10 March 2022, in Maldives

March 10, 2022

# 9-10  માર્ચ 2022ના રોજ માલ્દિવ્સ ખાતે યોજાયેલી 5મી એનએસએ લેવલની કોલંબો સિક્યોરિટી કોન્ક્લેવની બેઠક અંગે સંયુક્ત નિવેદન

માર્ચ 10, 2022

કોલંબો સિક્યોરિટી કોન્ક્લેવના સ્થાપક સભ્યોનું પ્રતિનિધિમંડળ; માલદીવ્સ, ભારત અને શ્રીલંકા, અને કોન્ક્લેવના સૌથી નવા સભ્ય, મોરિશિયિસે, માલદીવમાં 09  -  10  માર્ચ 2022  ના રોજ યોજાયેલી 5મી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સ્તરની બેઠક સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.  બાંગ્લાદેશ અને સેશેલ્સના પ્રતિનિધિમંડળોએ નિરીક્ષકો તરીકે તેમાં ભાગ લીધો હતો.

તેમાં મહાનુભાવો તરીકે મારિયા અહેમદ દીદી, માલદીવ પ્રજાસત્તાકના સંરક્ષણ પ્રધાન; શ્રી અજીત ડોભાલ, કેસી, ભારતના વડાપ્રધાનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર; જનરલ કમલ ગુણારત્ને (નિવૃત્ત), ડેમોક્રેટિક સોશિયાલિસ્ટ રિપબ્લિક શ્રીલંકાના સંરક્ષણ મંત્રાલયના સચિવ; અને મોરેશિયસ પ્રજાસત્તાકના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી કુમારેસન ઈલાંગોએ નીચેના પાંચ સ્તંભોમાં પ્રાદેશિક સુરક્ષાને વધારવા અને મજબૂત કરવા માટે સહકારના મુખ્ય ક્ષેત્રોની ઓળખ કરી હતી:

· સમુદ્રી સુરક્ષા અને સલામતી
· ત્રાસવાદ અને કટ્ટરતાનો સામનો કરવો
· ટ્રાફિકિંગ અને સરહદ પારની સંગઠીત ગુનાખોરીનો સામનો કરવો.
· સાઈબર સિક્યોરિટી,  મહત્ત્વના માળખા અને ટેક્નોલોજીનું રક્ષણ
· માનવતાવાદી સહાય અને આફતો વખતે રાહત કામગીરી

સહકારના આ સ્તંભો પર વધુ સહકાર અને સહયોગ વધારવા માટે સભ્ય દેશો એક રોડમેપ પર સંમત થયા હતા.  આ રોડમેપ સભ્ય દેશો વચ્ચે સંકલિત પ્રતિભાવ ક્ષમતા નિર્માણ અને માહિતીના પ્રવાહને મજબૂત કરવા માટે મજબૂત મિકેનિઝમની સુવિધા આપશે.

બાંગ્લાદેશના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ બાંગ્લાદેશના વડાપ્રધાનના સંરક્ષણ અને સુરક્ષા સલાહકાર તારિક અહેમદ સિદ્દીક અને સેશેલ્સનું પ્રતિનિધિત્વ સિમોન આર્ચેન્જ ડાઈન, સેશેલ્સ ડિફેન્સ ફોર્સના ચીફ ઓફ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

દરિયાઈ પડોશીઓ તરીકે અને સમાન જોખમોનો સામનો કરી રહેલા દેશો તરીકે કોન્ક્લેવે પ્રાદેશિક શાંતિ અને સુરક્ષા હાંસલ કરવા માટે સતત સંયુક્ત પ્રયાસોમાં જોડાવા માટેની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી હતી.

**નવી દિલ્હી**
**માર્ચ 10, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.